અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૫૭૮-૬૧૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૫/૦૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૯ થી ૧૨ની દ્વિતીય/પ્રિલીમ પરીક્ષા બાબત.
સંદર્ભ:- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૪૭૧-૫૦૫
તા. ૨૪/૦૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯માં જણાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨ની દ્વિતીય/પ્રિલીમ પરીક્ષા તા.૨૮/૦૧/૨૦૧૯થી તા.૦૬/૦૨/૨૦૧૯ દરમ્યાન લેવાની થાય છે.

અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૪૭૧-૫૦૫ તા.૨૪/૦૧/૨૦૧૯ થી જણાવ્યા મુજબ તા.૨૯/૦૧/૨૦૧૯ના રોજ માન. પ્રધાનમંત્રીશ્રી 'Pariksha Pe Charcha 2' કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ સાથે વાર્તાલાપ કરનાર છે. આ કાર્યક્રમનું પ્રસારણ શાળાકક્ષાએ નિહાળવા માટે સદર્ભ દર્શિત પત્રથી જણાવેલ છે. જે અન્વયે તા.૨૯/૦૧/૨૦૧૯ના રોજ શાળાઓમાં લેવાનાર ધોરણ-૯ થી ૧૨ની દ્વિતીય/પ્રિલીમ પરીક્ષાની તારીખમાં અથવા સમયમાં શાળા કક્ષાએ ફેરફાર કરી શકાશે. તે મુજબની સૂચના આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આપવા વિનંતી છે.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.